www.akilaindia.com
સવારે ચા, સાંજે
અકિલા
www.akilanews.com

# આર્થિક નબળા વર્ગના દર્દીઓને વિશિષ્ટ સેવા પ્રદાન કરતું નડીયાદનું સંતરામ નિઃશુલ્ક ઔષધ સેવા કેન્દ્ર

રાજકોટ તા.૧૯ : જનસેવા એજ પ્રભુ સેવાના ઉમદા આદર્શને વરેલા અને સમગ્ર ભારત દેશમાં માનવતાવાદી અભિગમ ધરાવતા નડીયાદનું સુપ્રસિધ્ધ શ્રી સંતરામ મીદર માનવતાનું શ્રેષ્ઠ ભગીરથ કાર્ય અને ગરીબ અને મધ્યમ વર્ગના આર્થિક રીતે નબળા વર્ગને ઉપયોગી થવા વિશિષ્ટ સેવા પ્રદાન કરવામાં અગ્રસ્થાને રહેલ છે.



છેલ્લા ૧૬ વર્ષથી શ્રી સંતરામ મહારાજશ્રીના આશીર્વાદથી અને બ્રહ્મલીન અષ્ટમ મહંતશ્રી નારાયણદાસજી મહારાજશ્રી પ્રેરીત શ્રીસંતરામ નિઃશુલ્ક ઔષધ કેન્દ્ર-સંતરામ મંદિર, નડીયાદના પ્રાંગણમાં ચાલી રહેલ છે.

પ.પૂ. આદરણીય શ્રી રામદાસ મહારાજશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આ નિઃશુલ્ક ઔષધ સેવા કેન્દ્રમાં લાખો રૂપીયાની કિંમતની દવાઓ ગરીબ તેમજ મધ્યમ વર્ગના નાત-જાત ગરીબ માલેતુરજારના ભેદભાવ રાખ્યા વિના નિઃશુલ્ક દવાઓ આપવામાં આવે છે. આ કેન્દ્ર સપ્તાહમાં સોમવાર, બુધવાર અને શુક્રવારે કાર્ય કરે છે. પરંતુ દર્દીની દવાઓની અગત્યતા અને ત્વરીત સારવારને ધ્યાનમાં રાખીને પણ ગમે તે સમયે દવાઓ આપવામાં આવે છે.

આ નિઃશુલ્ક ઔષધ કેન્દ્ર ચલાવવા પાછળ બ્રહ્મલીન પૂ. નારાયણદાસજી મહારાજનો મુખ્ય આશય એ રહેલો કે આજના મોંઘવારીના યુગમાં ગરીબ અને મધ્યમ વર્ગના માનવીઓને ખાધા-ખોરાકી જેટલી કમાણી કરી માંડ માંડ પોતાનું જીવન ગુજારી શકતા હોય ત્યારે બીમારીના સમયે મોંઘીદાટ દવાઓ ખરીદવી તેમના માટે દુષ્કર થઈ પડતી હોય છે ત્યારે આવી દવાઓના ખર્ચાઓમાંથી મુકત થઈ શકે તે માટે આ કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યું છે.

ગત નાણાકીય વર્ષ એપ્રિલ ૨૦૦૭થી માર્ચ ૨૦૦૮ સુધી ૭૦,૭૦૧ દર્દીઓને ૩૯,૮૫,૮૦૫ રૂપીયાની દવાઓનું વિતરણ વિના મુલ્યે કરવામાં આવ્યું હતું.

આંદામાન નિકોબારનાં સુનામીગ્રસ્ત પીડીતો માટે, સંતરામ મંદિર, નડીયાદનાં મહંતશ્રી રામદાસજી મહારાજશ્રીની પ્રેરણાથી અને આર્શીવાદ સહ, અનાજ, કપડા, દવાઓ અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓ તથા તબીબી સહાય પહોંચાડવામાં સંતરામ મંદિર-નડીયાદ સૌ પ્રથમ સંસ્થા હતી. શ્રી સંતરામ જનસેવા ટ્રસ્ટની માનવતાવાદી ઉમદા કાર્યની ભારોભાર પ્રશંસા થઈ રહી છે. ધાર્મિક સંસ્થાઓના સહયોગથી આમ આમ જનતાને મદદરૂપ બનવાની પ્રવૃતિઓને વેગ આપી શકાય છે. સદવિચાર સમીતીના પ્રમુખ શ્રી જયંતીભાઈ ગો.જોષી અને સંસ્થાના એડમીનીસ્ટ્રેટર શ્રી રમણભાઈ પી. વાણંદ દ્વારા સંસ્થામાં સેવા માર્ગદર્શન મળી રહેલ છે.

(પાછળ જુઓ)